**નવસારીની નર્સિંગ કોલેજના શિક્ષકો સામે વિદ્યાર્થીઓને ધમકાવવાનો ગંભીર આક્ષેપ**

# ‘અવાજ ઉઠાવ્યો તો નાપાસ’

**મરોલીની** પ્રાઈમ નર્સિંગ કોલેજમાં ભારે હોબાળો

**પાયાની** સુવિધાઓના અભાવે ABVPએ કેમ્પસમાં નકલી નોટો ઉડાવી વિરોધ નોંધાવ્યો

**ગંદા** પાણી-વીજળી, સ્ટાફની અછત અને એડમિશનમાં ગેરરીતિના આક્ષેપો, તંગદિલી વધતા મરોલી પોલીસ દોડી આવી



નવસારી : જલાલપોર તાલુકાના માંગરોળ (મરોલી) ખાતે આવેલી પ્રાઈમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ કોલેજમાં વિદ્યાર્થીઓની સમસ્યાઓ હવે ખુલ્લેઆમ સામે આવવા લાગી છે. કોલેજમાં પાયાની સુવિધાઓના અભાવ, અધૂરા શૈક્ષણિક માળખા અને વિદ્યાર્થીઓ પર માનસિક દબાણ જેવા મુદ્દાઓને લઈને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા કોલેજ વહીવટ સામે ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. સમગ્ર ઘટનાક્રમ દરમિયાન કેમ્પસમાં તંગદિલીનો માહોલ સર્જાતા મરોલી પોલીસને પણ દોડી આવવું પડ્યું હતું.

ABVP દ્વારા કોલેજના પ્રિન્સિપાલને પાઠવાયેલા આવેદનપત્રમાં અનેક ગંભીર મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ હોસ્ટેલમાં પીવાનું પાણી સ્વચ્છ નથી અને વોટર કૂલરમાં જીવાતો જોવા મળવાના બનાવો સામે આવ્યા છે. ઘણીવાર બે-ત્રણ દિવસ સુધી પાણી અને વીજળીની સમસ્યા યથાવત રહેતી હોવા છતાં કોઈ અસરકારક વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવતી નથી.

નર્સિંગ જેવા જવાબદારીભર્યા અભ્યાસક્રમમાં પૂરતી પ્રેક્ટિકલ સુવિધાઓ ન હોવાનો પણ વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો છે. પ્રેક્ટિકલ લેબમાં જરૂરી સાધનોનો અભાવ છે અને નિયમિત તાલીમ પણ મળતી નથી. સાથે જ ક્વોલિફાઈડ સ્ટાફની અછતને કારણે અભ્યાસ પર સીધી અસર પડી રહી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

વિદ્યાર્થીઓએ એવો પણ આક્ષેપ કર્યો છે કે, કોલેજની ખામીઓ સામે અવાજ ઉઠાવતા કેટલાક શિક્ષકો દ્વારા ઈન્ટર્નલ પરીક્ષામાં નાપાસ કરવાની ધમકીઓ આપવામાં આવે છે. જેના કારણે વિદ્યાર્થીઓમાં ભય અને અસુરક્ષાની લાગણી ફેલાઈ રહી છે. હોસ્ટેલમાં કોઈ તબીબી ઈમરજન્સી સર્જાય ત્યારે પણ યોગ્ય સહાય ઉપલબ્ધ ન હોવાના મુદ્દે વાલીઓમાં ચિંતા વધી રહી છે.

## એજન્ટો એડમિશનના 10 હજારથી 15 હજાર ઉઘરાવે છે

આ ઉપરાંત એડમિશન પ્રક્રિયામાં ગેરરીતિના આક્ષેપો પણ સામે આવ્યા છે. ABVPના જણાવ્યા મુજબ કેટલાક એજન્ટો દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી એડમિશનના નામે રૂપિયા 10 હજારથી 15 હજાર સુધીની ઉઘરાણી કરવામાં આવી રહી છે અને બદલામાં શંકાસ્પદ રસીદો આપવામાં આવે છે. આ મુદ્દે વિરોધ દર્શાવવા ABVP કાર્યકરોએ કેમ્પસમાં પ્રતિકાત્મક રીતે નકલી ચલણી નોટો ઉડાવી વિરોધ નોંધાવ્યો હતો. ABVPએ કોલેજ વહીવટને 48 કલાકનું અલ્ટીમેટમ આપતા જણાવ્યું છે કે, જો પાણી-વીજળી જેવી પાયાની સુવિધાઓ, ક્વોલિફાઈડ સ્ટાફની નિમણૂક, જવાબદાર શિક્ષકો સામે કાર્યવાહી અને ગેરકાયદેસર ઉઘરાણી કરતા એજન્ટો સામે કાયદેસર પગલાં નહીં લેવાય, તો સમગ્ર મામલો ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ સમક્ષ લઈ જઈ ઉગ્ર આંદોલન શરૂ કરવામાં આવશે. હાલમાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભવિષ્યને લઈને ભારે ચિંતા જોવા મળી રહી છે.

## ખેરગામ બજારમાં ભવાની માતાના મંદિર પાસે ડ્રેનેજ ઉભરાતાં રહીશોમાં રોષ



ખેરગામ : ખેરગામ બજારના ઝંડાચોક વિસ્તારમાં આવેલી ખાનગી ડ્રેનેજ લાઇનનું ગંદુ પાણી ભવાની માતાના મંદિર પાસે મુખ્ય રસ્તા પર સતત ઉભરાઈ રહ્યું છે. છેલ્લા ઘણા દિવસોથી સર્જાયેલી આ ગંભીર સમસ્યાના કારણે સ્થાનિક દુકાનદારો, રાહદારીઓ અને રહીશોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. બજાર વિસ્તારમાં વર્ષો જૂની ડ્રેનેજ લાઇનની સમસ્યાના નિવારણ માટે ત્રણેક વર્ષ અગાઉ ધારાસભ્ય અને તાલુકા પંચાયતની ગ્રાન્ટમાંથી મોટા પાઇપ નાખવામાં આવ્યા હતા. આ કામગીરીથી થોડો સમય રાહત રહી હતી, પરંતુ હાલ ફરીથી મંદિર સામે આવેલા ચેમ્બરમાંથી ગંદુ પાણી રસ્તા પર વહેવા લાગ્યું છે. આ ઉપરાંત, મંદિરના પાછળના ભાગે આવેલી વરસાદી ગટરમાં પણ ડ્રેનેજનું દૂષિત પાણી ભળી રહ્યું છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, સમગ્ર વિસ્તારમાં તીવ્ર દુર્ગંધ ફેલાતા જનજીવન પ્રભાવિત થયું છે અને રોગચાળો ફેલાવાનો ભય ઉભો થયો છે.

# ઓનલાઈન સટ્ટાબેટિંગ રમાડતા 2 ઝડપાયા

**વાપીમાં ક્રિકેટ** મેચ પર સોદા લખાવનાર નવ લોકોના ટૂંકા નામ મળ્યા





વાપી : વાપીમાં ઓનલાઈન સટ્ટાબેટીંગ જુગાર રમતા 2 ઈસમોને એલસીબીએ ઝડપી પાડયા હતાં. જ્યારે 9 ઈસમોને વોન્ટેડ બતાવ્યા હતાં. એલસીબી ટીમે સ્પોર્ટસ કલબની સામે મેદાન નજીકથી બે ઈસમો નરેન્દ્ર ઉર્ફે અમિત તિવારી (રહે. શિવસાગર રેસિડેન્સી, દેસાઈવાડ, વાપી) અને (2) વસીમ ખાન (રહે. વાપી જનસેવા હોસ્પિટલ પાસે, વાપી)ને પકડ્યા હતાં. તેઓના મોબાઈલ ફોનમાં ઓનલાઈન જુગાર રમતા હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે વધુ પૂછતાછ કરતાં તેમણે વડોદરા રહેતા એહમદ પાસેથી આઈડી લીધી હતી. પોલીસે અંગઝડતી કરતા કાગળ મળી આવ્યા હતાં. જેમાં ક્રિકેટ પર હારજીતના પૈસાના સોદાઓ કોડવર્ડમાં લખેલા હતાં. પોલીસે 12000નો મુદ્દામાલ કબજે લીધા હતાં. જ્યારે મેચ પર સોદાઓ લખાવનારા (1) લાલુ (2) ગોપાલ (3) ખલી (4) સોમા (5) અયાઝ ખાન (6) કરણ પટેલ (7) અમિત ઉર્ફે ચોટી (8) જૈન અને (9) રાકેશ જયસ્વાલને વોન્ટેડ બતાવ્યા હતા.

# ગણદેવી તાલુકા પંચાયતના પ્રમુખપદે પુષ્પાબેન પટેલ

**ભાજપે** સંકલન બેઠકમાં હોદ્દેદારોના નામ જાહેર કર્યા

બીલીમોરા : સ્થાનિક સ્વરાજ્યની તાલુકા પંચાયત ચૂંટણીના પરિણામોને ત્રણ સપ્તાહ પૂર્ણ થયા બાદ શુક્રવારે ભાજપ દ્વારા નવનિયુક્ત સભ્યો સાથે સંકલન બેઠકો યોજાઈ હતી. બેઠક દરમિયાન પ્રથમ અઢી વર્ષની ટર્મ માટે તાલુકા પંચાયતના હોદ્દેદારોના નામોની જાહેરાત કરવામાં આવી હતી.

તાલુકા પંચાયતોમાં શનિવારે બપોરે ૧૨ વાગ્યે સામાન્ય સભા મળનાર છે, જેમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણીની ઔપચારિકતા પૂર્ણ કરવામાં આવશે.

ગણદેવી તાલુકા પંચાયત ખાતે ભાજપે ૨૪માંથી ૨૩ બેઠકો પર વિજય મેળવ્યો હતો. શુક્રવારે ગણદેવી સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી બેઠકમાં ભાજપ અગ્રણી રમેશ હીરાણી અને સુરેશ મકવાણા પક્ષનો મેન્ડેટ લઈને પહોંચ્યા હતા. તેમણે તાલુકા સંગઠનના આગેવાનો તથા નવા ચૂંટાયેલા સભ્યો સાથે બેઠક યોજી હતી.

બેઠકમાં પક્ષના મેન્ડેટ અનુસાર પ્રથમ અઢી વર્ષની ટર્મ માટે હોદ્દેદારોના નામ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં બક્ષીપંચ મહિલા અનામત કેટેગરીમાં પ્રમુખપદે પુષ્પાબેન સુરેશભાઈ પટેલ (આંતલીયા), ઉપપ્રમુખપદે મહેશભાઈ ખાપાભાઈ હળપતિ (મોરલી), કારોબારી અધ્યક્ષ તરીકે પાર્થિવ અમરતભાઈ નાયક (કછોલી), પક્ષના નેતા તરીકે સીમાબેન સુરેશભાઈ ટંડેલ (ધોલાઈ) તેમજ દંડક તરીકે પ્રતિક ધનસુખભાઈ પટેલ (અંચેલી)ના નામોની જાહેરાત કરવામાં આવી હતી.

બેઠક પૂર્ણ થયા બાદ પ્રમુખ અને ઉપપ્રમુખપદના ઉમેદવારોએ ટીડીઓ સમક્ષ પ્રમુખ, ઉપપ્રમુખનાં ઉમેદવારી પત્રો દાખલ કર્યા હતા. આજે શનિવારે મળનારી સામાન્ય સભામાં આ વરણીને સત્તાવાર મંજૂરી આપવામાં આવશે.

# ડાંગ જિ.પં.માં પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો

**પ્રમુખ** અને ઉપપ્રમુખ પદ માટે ભાજપ-કોંગ્રેસે ઉમેદવારો જાહેર કરતાં રાજકીય સમીકરણો તેજ બન્યા

સાપુતારા : ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે આવતીકાલે યોજાનારી ચૂંટણીને લઈ સમગ્ર જિલ્લામાં રાજકીય માહોલ ગરમાયો છે. જિલ્લા પંચાયતની સત્તા પર કબજો જાળવી રાખવા ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોએ પોતાની રાજકીય રણનીતિ વધુ સક્રિય બનાવી દીધી છે. ઉમેદવારી નોંધાવવાના અંતિમ દિવસે બંને પક્ષોના ઉમેદવારોએ સત્તાવાર રીતે દાવેદારી નોંધાવતા રાજકીય ગતિવિધિઓ તેજ બની ગઈ છે. ભાજપ તરફથી જિલ્લા પંચાયતનાં પ્રમુખ પદ માટે કડમાલ બેઠક પરથી વિજેતા થયેલા રાજેશ ગામીતે ઉમેદવારી નોંધાવી છે. જ્યારે ઉપપ્રમુખ પદ માટે ભાજપે ઉષાબેન ધર્મેશભાઈ પટેલ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. જિલ્લા પંચાયતની કુલ 18 બેઠકોમાંથી ભાજપ પાસે 12 બેઠકો હોવાના કારણે પક્ષમાં સત્તા જાળવી રાખવાનો આત્મવિશ્વાસ જોવા મળી રહ્યો છે. બીજી તરફ કોંગ્રેસ પણ ચૂંટણી મેદાનમાં પૂરજોશમાં ઉતરી છે. કોંગ્રેસ તરફથી પ્રમુખ પદ માટે સ્નેહલ ઠાકરે અને ઉપપ્રમુખ પદ માટે મંગળ ગાવિતે ઉમેદવારી નોંધાવી છે. કોંગ્રેસ પાસે 6 બેઠકો હોવા છતાં રાજકીય સમીકરણોમાં ફેરફાર સર્જાય તેવી આશાએ પક્ષે ચૂંટણીમાં રસપ્રદ લડત ઊભી કરી છે. ડાંગ જિલ્લા પંચાયતની ચૂંટણીને લઈને રાજકીય ગલિયારાઓમાં અનેક અટકળો અને ચર્ચાઓ ચાલી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી આંતરિક અસંતોષ અને ગૃપબાજીની ચર્ચાઓ વચ્ચે આવતીકાલની ચૂંટણી પ્રક્રિયા પર સૌની નજર ટકેલી છે.

# ચીખલી તા.પં.ના પ્રમુખ અને ઉપપ્રમુખ બિનહરીફ વરાશે

**પ્રમુખ**-ઉપપ્રમુખ માટે એક-એક જ ફોર્મ ભરાતાં શનિવારની ચૂંટણી માત્ર ઔપચારિકતા રહેશે




ઘેજ : ચીખલી તાલુકા પંચાયતમાં પ્રથમ અઢી વર્ષની ટર્મમાં પ્રમુખપદ એસટી કેટેગરીના મહિલા સભ્ય માટે અનામત હોય અને ભાજપના ૨૫ સભ્યો પૈકી ૧૨ મહિલાઓ એસટી કેટેગરીમાંથી સભ્યપદે ચૂંટાઇ આવી હતી. જેમાં ભાજપ દ્વારા ચિતાલી ગામના રશ્મિકાબેન જગદીશભાઇ પટેલ નોગામાં બેઠક પર ચૂંટાયેલા હોય તેમની પ્રમુખપદે પસંદગી કરવામાં આવી હતી. જ્યારે ઉપપ્રમુખ માટે તેજલાવના તેજસભાઇ પ્રવિણભાઇ પટેલની પસંદગી કરાતા જિલ્લા પંચાયત સભ્ય ડો.અમીતાબેન, વાસંતીબેન, નલિનભાઇ, ડો.નેહાબેન પટેલ, તાલુકા પંચાયતના દીપ્તિ પટેલ, અશોક હળપતિ, સમીરભાઇ સહિતના સભ્યો ઉપરાંત એડવોકેટ સંદીપભાઇ, ભાજપ અગ્રણી આનંદ દેસાઇ, ભરત ખાંભડા, ધર્મેશભાઇ ઘેજ, દિપકભાઇ સમરોલી, જિલ્લા કિસાન મોરચાના હોદ્દેદાર દિપક સોલંકી સહિતનાની ઉપસ્થિતિમાં બંનેના ઉમેદવારી પત્રકો નાયબ ટીડીઓ તેજલબેન સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

ઉપરાંત ભાજપ દ્વારા કારોબારી સમિતિના અધ્યક્ષપદે ફડવેલના હિરેન આહીર જ્યારે શાસક પક્ષના નેતા પદે બામણવેલના સભ્ય પન્ના પટેલ તથા દંડકપદે વંકાલના સભ્ય મજીગામના ગૌતમ હળપતિની પસંદગી કરવામાં આવી છે. જોકે સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષપદેનું નામ આજે જાહેર કરવામાં આવ્યું ન હતું. પ્રમુખ ઉપપ્રમુખ માટે એક એક જ ઉમેદવારી પત્રકો રજૂ થતા આજે શનિવારના રોજ યોજાનારી ચૂંટણી માત્ર એક ઔપચારિકતા રહી જશે અને પ્રમુખપદે રશ્મિકાબેન પટેલ, ઉપપ્રમુખ પદે તેજસ પટેલ બિનહરીફ જાહેર થશે તે નિશ્ચિત છે.

# ઉમરગામની મહિલા ઉદ્યોગસાહસિકને કૂતરાંનો ત્રાસ

**પડોશીના** કૂતરાંથી કંટાળેલી મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી

ઉમરગામ : ઉમરગામમાં પડોશીના પાડેલા કૂતરાઓથી ત્રાસીને એક ઉદ્યોગપતિ મહિલાએ ઉમરગામ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે

પ્રાપ્ત પોલીસ સુત્રો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ ઉમરગામ જીઆઈડીસી કોલોની લક્ષ્મી કૃપા ખાતે ફરિયાદી કિંજલ સાગર શાહ રહે છે. તેના પડોશમાં રહેતી તહોમતદાર મીનાબેન વસંતભાઈ જૈને પોતાના ઘરે કૂતરાઓ પાળી રાખેલા છે રખડતા કૂતરાઓ પણ ઘરે પાળી રાખેલા છે. આ કૂતરાઓને તે છૂટા મૂકી દે છે.

આ કૂતરાઓ કરડવા દોડી આવે છે. આ રીતે કૂતરાઓ છુટા મૂકી અમોને તથા આજુબાજુના રહીશોને ત્રાસ આપી રહી છે.ઉમરગામ પોલીસે આ બનાવ સંદર્ભે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દરિયાઇ માર્ગે ગીર સોમનાથમાં દારૂ ઘૂસાડવાનું રેકેટ ઝડપાયું



દમણ : દમણથી ગીર સોમનાથમાં દરિયાઈ માર્ગે દારૂની હેરાફેરી કરે એ પહેલાં જ દમણ પોલીસે બોટ સમેત 2 વ્યક્તિઓની અટક કરી છે. નાની દમણ જેટ પર પોલીસ કર્મચારીઓએ રાત્રિ પેટ્રોલિંગ દરમ્યાન શંકાસ્પદ બોટ ચોરી છુપીથી દરિયા કાંઠે આવતા જોઈ હતી. તપાસમાં જાણવા મળ્યું કે ગીર સોમનાથના સુથારપાડાથી દમણ દરિયાકાંઠા તરફ દારૂની હેરાફેરીનો પ્રયાસની યોજના બનાવી રહ્યા હતા. જેના પગલે ગુજરાત અને મહારાષ્ટ્રના કોસ્ટલ પોલીસ મથકોને એલર્ટ કરી ખાસ ટીમો બનાવવામાં આવી હતી. દમણ પોલીસના એસ.એચ.ઓ.એ ટીમ સાથે શંકાસ્પદ બોટને શોધી હસન ઐયુબ અને કાનાભાઈ વળવી (બંને રહે. સુથારપાડા જી. ગીર સોમનાથ) ની અટક કરી હતી. પોલીસે બોટ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

# કુંવારાઓને છેતરતી ‘લૂંટેરી દુલ્હન’ ઝડપાઈ

**સાપુતારા** પોલીસે છેલ્લા ૬ મહિનાથી ફરાર પૂજા ઉર્ફે આરતી સોલંકેને ધુલેથી દબોચી લીધી

**અગાઉ** બે મહિલા સહિત ૫ સાગરીત પકડાયા હતા




સાપુતારા : ડાંગ જિલ્લામાં કન્યાની શોધમાં આવતા નિર્દોષ લોકોને લગ્નની લાલચ આપી છેતરપિંડી કરતી ટોળકીનો ઘણા લોકો ભોગ બન્યા છે. આવો જ એક કિસ્સો ગત વર્ષ ૨૦૨૫માં પ્રકાશમાં આવ્યો હતો, જ્યાં અમદાવાદથી ડાંગ ખાતે કન્યાની શોધમાં આવેલા એક યુવકને લગ્નના બહાને આ જાળમાં ફસાવ્યો હતો.

આ ટોળકીએ યુવકને લગ્નની લાલચ આપી, કન્યા બતાવી અને લગ્નના ખર્ચના બહાને તેની પાસેથી કુલ રૂપિયા ૨,૦૦,૦૦૦ (બે લાખ) રોકડા પડાવી લીધા હતા. છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં યુવકે સાપુતારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે સાપુતારા પોલીસે અગાઉ બે મહિલાઓ સહિત આ ગેંગના પાંચ સભ્યોને ઝડપી પાડ્યા હતા, પરંતુ ગુનાની મુખ્ય સૂત્રધાર એવી લુટેરી દુલ્હન ફરાર હતી. વોન્ટેડ આરોપીઓને શોધી કાઢવા માટે ડાંગના પોલીસ અધિક્ષક પૂજા યાદવનાં માર્ગદર્શન હેઠળ આહવાના નાયબ પોલીસ અધિક્ષક જનેશ્વર નલવૈયા તરફથી સૂચના મળતા સાપુતારાના પોલીસ ઈન્સ્પેક્ટર કે.બી.શાંખલા અને તેમની ટીમ અ.હે.કો. શક્તિસિંહ સરવૈયા, અ.હે.કો. રમેશભાઈ અને વુ.પો.કો. પ્રિતીનાબેનને બાતમી મળી હતી કે આ ગુનાની મુખ્ય સૂત્રધાર દુલ્હન મહારાષ્ટ્રમાં છુપાયેલી છે.

પોલીસે મહારાષ્ટ્રના ધુલે જિલ્લાના શિરુડ ગામ ખાતે રેડ પાડીને છેલ્લા છ મહિનાથી વોન્ટેડ એવી મુખ્ય આરોપી મહિલા પૂજા ઉર્ફે આરતી સુધાકરરાવ સોલંકે (ઉં.વ. ૨૫, હાલ રહે. ધુલે) ને દબોચી લીધી છે.

## ઉમરગામ તા.પં.ના પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે ઉમેદવારી નોંધાવી

ઉમરગામ : ઉમરગામ તાલુકા પંચાયતના પ્રમુખ માટે સંતોષ વળવી અને ઉપપ્રમુખ પદ માટે હાર્દિક શાહે ઉમેદવારી નોંધાવી હતી. ઉમરગામ તાલુકા પંચાયતમાં 30 માંથી 25 બેઠકો મેળવી સત્તા હાસિલ કરી છે શુક્રવારે ઉમરગામ પ્રમુખ પદ માટે આદિવાસી સામાન્ય બેઠક અનામત હોય ડેહલી બેઠકના ભાજપના સંતોષ વળવીએ તથા સોલસુંબા-1 બેઠકના ચૂંટાયેલા હાર્દિક શાહે ઉમેદવારી નોંધાવી હતી. શનિવારે તાલુકા પંચાયતની પ્રથમ સભામાં પ્રમુખ ઉપપ્રમુખ બંને ચૂંટાય આવશે.

# ખેરગામ તા.પંચાયતમાં પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટે ચૂંટણી યોજાશે

**કોંગ્રેસે** પણ પ્રમુખ-ઉપપ્રમુખ પદ માટે ફોર્મ ભરતાં હવે શનિવારે જંગ જામશે



ખેરગામ : ખેરગામ તાલુકા પંચાયતમાં પ્રમુખપદ એસટી કેટેગરીના મહિલા સભ્ય માટે અનામત હોય અને ભાજપના ૧૧ પૈકી ૫ મહિલાઓ એસટી કેટેગરીમાંથી સભ્યપદે ચૂંટાઇ આવી હતી. જેમાં ભાજપે પાણીખડકના હંસા દેસાઈની પ્રમુખપદે પસંદગી કરી હતી. ઉપપ્રમુખ માટે ખેરગામ-૨ ના મુકેશ પટેલની પસંદગી કરાતા જિલ્લા પૂર્વ ભાજપ મહામંત્રી અશ્વિન પટેલ, ગણદેવી તાલુકા પૂર્વ ભાજપ પ્રમુખ નટુ પટેલ, ખેરગામ તાલુકા પૂર્વ ભાજપ પ્રમુખ ચુની પટેલ, તાલુકા ભાજપ પ્રમુખ લીતેશભાઈ, તાલુકા ભાજપ મહામંત્રી ચેતનભાઇ અને પૂર્વેશભાઈ સહિતનાની ઉપસ્થિતિમાં તાલુકા પંચાયતમાં ઉમેદવારી પત્રકો રજૂ કરવામાં આવ્યા હતાં. ઉપરાંત ભાજપ દ્વારા કારોબારી સમિતિના અધ્યક્ષપદે ખેરગામ-૧ બેઠકના સભ્ય જીજ્ઞા પટેલ જ્યારે શાસક પક્ષના નેતા પદે ખેરગામ-૩ બેઠકના સભ્ય રશ્મિ ટેલર તથા દંડકપદે જામનપાડાના સભ્ય અનિલ પટેલની પસંદગી કરવામાં આવી છે. જોકે સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષપદેનું નામ આજે જાહેર કરવામાં આવ્યું ન હતું. ખેરગામ તાલુકા પંચાયતની ૧૬ બેઠકોમાંથી ૫ બેઠકો ઉપર કોંગ્રેસ પાર્ટીના ચૂંટાઇ આવ્યા છે. કોંગ્રેસના પ્રમુખ તરીકે બહેજના રીમ્પલ પટેલ અને ઉપપ્રમુખ તરીકે ખેરગામ-૫ એના રાજન પટેલએ ઉમેદવારી પત્રક રજૂ કર્યુ હતું. પ્રમુખ- ઉપપ્રમુખ માટે ૨- ૨ જ ઉમેદવારી પત્રકો રજૂ થતા શનિવારના રોજ ચૂંટણી યોજાશે.